INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

---

## અખબારી યાદી — તા. ૨૨-૩-૨૦૨૪

સંપૂર્ણ બિનલોકશાહી ઢબે કાર્યવાહી કરીને લોકતંત્રને બદનામ કરવાનું અને કોંગ્રેસના એકાઉન્ટ ફ્રીઝ કરી દેવાનું કામ કરતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આપણા દેશની લોકશાહીની ઉત્તમ પરંપરાઓ અને બંધારણ આઝાદી પછી સમગ્ર વિશ્વમાં ઉત્તમ પ્રતિષ્ઠા પામી ચૂકી છે. ગભરાઈ ગયેલી ભાજપ એ વિરોધ પક્ષ સમાન રીતે ચૂંટણીનો મુકાબલો જ ન કરી શકે તે રીતે કર્યું છે. લોકશાહીના મૂળભૂત સિદ્ધાંત તમામ રાજકીય પક્ષોને લોકોની વચ્ચે જવા માટે સમાન વ્યવસ્થા, સમાન તક એટલે કે અંગ્રેજીમાં Equal Level Playing Field કહેવામાં આવે છે. ભાજપે ભૂતકાળમાં આપેલી મોટી-મોટી ગેરંટીઓ સંપૂર્ણ નિષ્ફળ રહી છે. આગામી લોકસભાની ચૂંટણીમાં ખૂબ ખરાબ રીતે હારનો સામનો કરવો પડશે અને **અબ કી બાર સત્તા સે તડીપાર** જેવી પરિસ્થિતિ થઈ છે ત્યારે **વિરોધપક્ષો ચૂંટણી જ ન લડી શકે તેવા તમામ હથકંડાઓ શરૂ કરવામાં આવ્યા છે.** કોંગ્રેસ પક્ષના એકાઉન્ટ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે અને ૧૧૫.૩૨ કરોડ રૂપિયા કે જે દેશની જનતાએ કોંગ્રેસ પક્ષને ભાજપનો મુકાબલો કરવા માટે ધન સ્વરૂપે આપ્યા હતા તે કોંગ્રેસ પક્ષના ખાતામાંથી ઉઠાવી લેવામાં આવ્યા છે.

આપણા દેશના કાયદાઓ મુજબ રાજકીય પક્ષોને મળેલા દાન ઉપર કોઈપણ પ્રકારના ઈન્કમટેક્સ હોતો નથી. ભાજપા સહિત કોઈપણ રાજકીય પક્ષ ઈન્કમટેક્સ ભરતો નથી. આમ છતાં માત્ર કોંગ્રેસ પક્ષના ૧૧ બેંક એકાઉન્ટ ફ્રીઝ શા માટે કરવામાં આવ્યા ? વર્ષ ૨૦૧૭-૧૮માં કોંગ્રેસ પક્ષને રૂ. ૨૧૦ કરોડનું દાન મળેલું, જેમાં માત્ર રૂ. ૧૪.૪૯ લાખ રોકડ દાનસ્વરૂપે સંસદસભ્યશ્રીઓ દ્વારા મળેલા હતા, એટલે કે કુલ મળેલ દાનના ૦.૦૭% રોકડમાં દાન હતું. ૨૦૧૭-૧૮ના વર્ષમાં મળેલા આ દાનને સાત વર્ષ બાદ માત્રને માત્ર આગામી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને નાણાકીય તકલીફો ઉભી થાય એટલા માટે જ સમગ્ર પ્રકરણ ઉભું કરવામાં આવ્યું. આ ટાઈમીંગ જુઓ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ કોંગ્રેસ પક્ષના બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા અને રૂ. ૨૧૦.૨૫ કરોડનું લીયન કાઢવામાં આવ્યું. માત્ર રૂ. ૧૪.૪૯ લાખ રોકડ દાન ઉપર ૧૦૬% વધારાના ગણીને રૂ. ૨૧૦ કરોડની માંગણી કેટલા અંશે વ્યાજબી? ઈન્કમટેક્ષની કલમ ૨૩૪(એફ) અનુસાર જો કોઈ ખામી હોય તો માત્ર ૧૦ હજાર રૂપિયાનો દંડ કરી શકાય. આ સમગ્ર બાબતથી એ સ્પષ્ટ થાય છે કે માત્ર હાર ભાળી ગયેલી ભાજપ વિરોધપક્ષ ચૂંટણી ન લડી શકે તે માટે બિનલોકશાહી હથકંડા કરે છે. કોંગ્રેસ પક્ષને પરેશાન કરવા ભાજપ એક બીજી પણ હાસ્યાસ્પદ નોટીસ આપી છે વર્ષ ૧૯૯૩-૯૪માં કે જ્યારે સીતારામ કેસરીજી અધ્યક્ષ હતા તે સમયની લીયન ચાર્જીસની ગણતરી કરીને આપો. ૩૧ વર્ષ પછી આ પ્રકારની માંગણી કે નોટીસ સ્પષ્ટ દર્શાવે છે કે ભાજપની હતાશા કેટલી હદ સુધીની છે.

સંપૂર્ણ ગેરકાયદેસર આ કાર્યવાહી વિરુદ્ધ કોંગ્રેસ પક્ષ ચોક્કસ ન્યાયાલયમાં જઈને ન્યાય મેળવી શકે તેવી પરિસ્થિતિ હોવાના કારણે સાત વર્ષ સુધી કોઈ કાર્યવાહી ન કરી અને જ્યારે એકદમ ચૂંટણી માથા ઉપર આવી ગઈ ત્યારે જ બેંક ખાતાઓ ફ્રીઝ કરીને પૈસા ઉઠાવી લીધા કે જેથી હવે જ્યારે નીચેથી ઈન્કમટેક્સ ટ્રીબ્યુનલથી શરૂ કરીને સુપ્રિમ કોર્ટ સુધી કાયદાકીય લડત પહોંચે ત્યાં સુધીમાં ચૂંટણી પૂર્ણ થઈ જાય અને જ્યારે ચૂંટણીના સમયે નાણાની જરૂરિયાત હોય ત્યારે કોંગ્રેસ પક્ષને નાણા મળે જ નહીં આ પ્રકારની હલકી રાજનીતિ ભાજપે કરી છે.

એક તરફ ઈલેક્ટોરલ બોન્ડના નામે ભાજપએ ભયમુક્ત ભ્રષ્ટાચારી ૮૨ અબજ ૫૨ કરોડ રૂપિયાનું ધનભંડોળ એકત્રિત કરી દીધું છે. એક તરફ સરકારી તિજોરીમાંથી મોટા લાભ આપવાના અને બીજી તરફ ઈલેક્ટોરલ બોન્ડના નામે કમિશન લેવાનું તથા ED, IT અને CBIની રેડો કરાવીને હપ્તાની વસૂલી કરવાના અનેક કિસ્સાઓ નામદાર સુપ્રિમ કોર્ટે ઈલેકટોરલ બોન્ડની માહિતી જાહેર કરાવી છે ત્યારથી બહાર આવ્યા છે. એક પક્ષ ૮૨ અબજ ૫૨ કરોડ રૂપિયાનો ઈલેક્ટોરલ બોન્ડથી ધનસંગ્રહ કરીને બેઠો છે એ પક્ષ મુખ્ય વિરોધપક્ષ ચૂંટણી ન લડી શકે તે માટે તેના બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરે અને ગેરકાયદેસર નાણા પણ ઉઠાવી લે તે લોકશાહીના ઈતિહાસમાં કાળા અક્ષરે લખાશે અને જનતા જનાર્દન આને માફ નહીં કરે. કોંગ્રેસ પક્ષે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે લોકશાહીનું ચીરહરણ કરવા નીકળેલી ભાજપને દેશની મહાન જનતા માફ નહીં કરે અને તેને પરાસ્ત કરશે.

ગુજરાત કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સી.ડબ્લ્યુ.સી.ના સભ્યશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, દેશનો તાનાશાહ ડરી ગયો છે. સત્તામાં હતા ત્યારે શું ખેલ કર્યા છે તે સૌ જાણે છે. સત્તા જતી રહે તો શું હાલ થશે તે જાણે છે. રાહુલ ગાંધીની યાત્રા રોકવાના પણ અનેક પ્રયાસ ભાજપે કર્યા. કોંગ્રેસને હેરાન કરવાનું ભાજપે કંઈ બાકી નથી રાખ્યું, ભાજપે 10 વર્ષમાં તાલુકાથી જિલ્લા અને રાજ્યોમાં કાર્યાલય બનાવ્યા. હોટલ જેવા કાર્યાલય બનાવવાના પૈસા 10 વર્ષમાં ક્યાંથી આવ્યા. કમલમમાં કમિશન જમાં કરાવો તો જ સરકારી કોન્ટ્રાક્ટના બિલ મંજૂર થાય, ચૂંટણીમાં હજુ અનેક અથકાંડા ભાજપ અજમાવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે પૂર્વ મંત્રી અને કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતાશ્રી જયનારાયણ વ્યાસે જણાવ્યું હતું કે કોંગ્રેસના મંચ પરથી માત્ર હકીકત કહેવી છે. જે કારણોથી કોંગ્રેસ પક્ષનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી શકાય તે પૈકીનું એક પણ કારણ આમાં નથી. વિજય માલ્યા રૂ. ૯ હજાર કરોડમાં બેંકને નવડાવી ગયા.નિરવ મોદી, મેહુલ ચોકસી, સાંડેસરા બ્રધર્સ આ તમામ લોકો કરોડો રૂપિયાના નાણાં ઉઠાવીને જતા રહ્યા મોદી સરકારના શાસનમાં દેશમાં ફ્રોડની રકમ ૫.૩ ટ્રિલિયન રૂપિયાના સુધી પહોંચી ગઈ છે.વિશ્વમાં ખૂબ આદર સત્કારની વાતો કરતી ભાજપ જ્હોનિસબર્ગમાં સાહેબનું પ્લેન 15 મિનિટ રોકી રખાય તે અંગે કેમ કશું બોલતી નથી. એક ભારતીય તરીકે દુઃખ થાય. ભાજપનો આત્મવિશ્વાસ ખૂટવા લાગ્યો છે. મહાભારતમાં કૃષ્ણે પાંડવો માટે માત્ર ૫ ગામડા માગ્યા હતા.ભાજપ દેશને અરાજકતા, તોફાનો, ધ્રુવીકરણ જેવા રસ્તે લઈ જઈ રહી છે. કોંગ્રેસ વર્ષોથી ચાલતો નદીનો પ્રવાહ છે એક હાથથી તેને રોકી શકાય નહીં. શ્યામાપ્રસાદ મુખરજી અને અટલજી કોંગ્રેસ સાથે સંકળાયેલા હતા અને બાદમાં જનસંઘમાં જોડાયા હતા.દિલ્હીની સરકાર કુરુક્ષેત્ર બનાવવા તરફ આગળ વધી રહી છે. માલદીવ જેવો નાનો દેશ આખો કાઢે છે, ત્યાં તાકાત બતાવે ભાજપ સરકાર.

આ પત્રકાર પરિષદમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર, ઉપપ્રમુખશ્રી બિમલભાઈ શાહ, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, પ્રદેશ પ્રવક્તાશ્રી હિરેન બેંકર ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. મનિષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા